


# વડાપ્રધાન મોદી ૨૭-૨૮ ઓગસ્ટે ગુજરાત પ્રવાસે

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત વિધાનસભા ચૂંટણી આ વર્ષના અંત સુધીમાં યોજાવાની છે. ત્યારે આ પહેલા ગુજરાતના મતદારોને રીઝવવા દરેક પક્ષ અત્યારથી જ પ્રયાસો કરી રહ્યા છે. કેન્દ્રીય નેતાઓ પણ વારંવાર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વારંવાર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે આ મહિનાના અંતિમ દિવસો ફરી એક વાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદથી લઈને કચ્છ સુધી અનેક કાર્યક્રમોમાં જોડાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વાર ગુજરાત પ્રવાસે આવી શકે છે. વડાપ્રધાન ૨૭-૨૮ ઓગસ્ટે ગુજરાત આવી શકે છે. વડાપ્રધાનના ગુજરાત આગમનને લઈને તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ અને કચ્છના અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે.

### રાજ્ય સરકારની પોલીસ વિભાગને મોટી ભેટ : મુખ્યમંત્રીએ ટ્વીટ કરીને જાણકારી આપી હતી

# પોલીસ વિભાગ માટે ૫૫૦ કરોડના ભંડોળને મંજૂરી

## હવે ગુજરાતના પોલીસ કર્મચારીઓનો પગાર વધશે

અમદાવાદ, તા.૧૪

સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ ગુજરાતના પોલીસકર્મીઓ માટે ખુશ ખબર આવ્યા છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા ટ્વિટર પરથી મોટી જાહેરાત કરતા જણાવ્યું કે, પોલીસકર્મીઓ અને તેમના પરિવારજનોના કલ્યાણની લાગણી સાથે આ બેઠકો તથા સમિતિની ભલામણોનો સ્વીકાર કરીને પોલીસ વિભાગ માટે વાર્ષિક રૂપિયા ૫૫૦ કરોડનું ભંડોળ મંજૂર કરું છું. જ્યારે અન્ય એક ટ્વિટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પોલીસ વિભાગના કર્મચારીઓની વિવિધ રજૂઆત તથા માગણીઓને ધ્યાને લઈ ત્વરિત ધોરણે સમિતિની રચના કરી હતી. આ અનુસંધાને મારી તથા ગૃહ રાજ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં અનેક બેઠકોનું આયોજન કરી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ૧૪ ઓગસ્ટે સાંજે ૬ વાગ્યે ટ્વિટ કરીને જાણકારી આપી હતી કે, પોલીસ કર્મચારીઓની માગણીઓને ધ્યાનમાં રાખીને કમિટીની નિમણૂક કરાયા બાદ મળેલી ભલામણના આધારે રૂપિયા ૫૫૦ કરોડના ભંડોળની જાહેરાત કરું છું. આ ભંડોળ મંજૂર કરતાં અગાઉ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રીની અધ્યક્ષતામાં અનેક બેઠકો પણ યોજાઈ હતી અને જે બાદ આ નિર્ણય લેવાયો છે. સરકારે પેકેજ જાહેર કરતાં એએસઆઈને ૫,૮૪,૦૯૪ રૂપિયા પગાર મળશે. પોલીસ કોન્સ્ટેબલને વાર્ષિક ૪,૧૬,૪૦૦ રૂપિયા પગાર મળશે. પોલીસ હેડ કોન્સ્ટેબલને વાર્ષિક ૪,૯૫,૩૯૪ રૂપિયા પગાર મળશે. ન્ઈઠ જવાનોનો વાર્ષિક પગાર ૩,૪૭,૨૫૦ રૂપિયા રહેશે.

સીઆર પાટીલે ટ્વિટ કરતા જણાવ્યું કે, ગુજરાતમાં શાંતિ, સલામતી અને સુરક્ષાનું વ્યવસ્થાપન રહે એ માટે પોલીસકર્મીઓ સતત ખડેપગે રહે છે. પોલીસકર્મીઓ અને એમનાં પરિવારજનોની સુખાકારી અને કલ્યાણ માટે રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૫૫૦ કરોડનું ભંડોળ મંજૂર કરાયું છે. આ નિર્ણય બદલ માનનીય મુખ્યમંત્રી અને ગૃહરાજ્યમંત્રીનો આભાર વ્યક્ત કરું છું. કોરોનાનાં સમયમાં સર્વ પોલીસકર્મીઓએ પ્રશંસનીય કામગીરી કરી હતી, સુરક્ષા અને સલામતીમાં અગ્રેસર હોવાને કારણે ગુજરાતમાં મૂડીરોકાણ પણ વધ્યું છે, જેમાં પોલીસકર્મીઓનો પણ મહત્વનો ફાળો છે. ગુજરાતનાં સર્વ પોલીસકર્મીઓને સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.



રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પોલીસ વિભાગ માટે ૫૫૦ કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ મંજુર કરતાં રાજયના પોલીસ કર્મચારીઓમાં આનંદની લાગણી છવાઈ છે ત્યારે ગાંધીનગરના પોલીસ કર્મચારી ભાઈ-બહેનોમાં આનંદનું મોજું ફરી વળ્યું હતું. સે-૨૭ પોલીસ લાઈન ખાતે રહેતાં પોલીસ પરિવારોએ પણ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી.

## ગાંધીનગરનું સંત સરોવર છલકાયું



ગાંધીનગર શહેરથી નજીક આવેલ સંત સરોવર આજે ભરાયું ગયું છે. આજે બપોર સુધીમાં તેની સપાટી ૫૫.૫૦ મીટર સુધી પહોંચી ગઈ હતી બપોરના ૩.૦૦ કલાક સુધીમાં ડેમના બે ગેટ ખુલ્લા કરીને ૧૩૯૯ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. રાત સુધીમાં સંત સરોવરમાં લાકરોડા બેરેજમાંથી બીજું ૧૮૦૦ ક્યુસેક પાણી આવશે. ઉલ્લેખનીય છે કે આ સંત સરોવર ડેમ બે વર્ષ બાદ સંપૂર્ણ ભરાયો છે. ૨૦૨૧ માં ડેમ સંપૂર્ણ ભરાયો ન હતો પરંતુ આ વર્ષે ઓગસ્ટ મહિનામાં જ આ ડેમ સંપૂર્ણ ભરાઈ ગયો છે.

# શહેર-જિલ્લામાં રિકવરી અને કેસ એક સાથે વધ્યા

**શહેરમાં ૨૧ કેસ : ગ્રામ્યમાં ૩૦ કેસ : ૮૩ દર્દી ડિસ્ચાર્જ કરાયા : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૭, ગાંધીનગરમાં ૯, કલોલમાં ૮ અને માણસામાં ૬ કેસ નોંધાયા : શહેરમાં આજે સે. ૧૨માં ૪, સે. ૫, ૨૧, ૨૬, ૩૦ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૪, ૬, ૭, ૧૩, ૧૯, જીઈબી, ખોરજ અને પાલજમાંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ઉછાળા સાથે રિકવરી રેટે પણ સુધારામાં ગતિ પકડી છે. શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા ૫૧ કેસ સામે ૮૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં ૨૧ નવા કેસ નોંધાયા છે તો ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ નવા કેસ નોંધાયા છે. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં ૫૮ દર્દીઓ અને શહેરમાં ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ ૯૩ ટકાને પાર કરી ગયો છે.

શહેર-જિલ્લામાં ચોથી લ્હેરનું સંક્રમણ વધી રહ્યુ છે અને નવા નવા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે. લોકલ ટ્રાન્સમિશનને નિયંત્રણમાં લેવા સઘન સર્વેલન્સ, ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો, વેક્સિનેશન સઘન અને આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે કરાવવાની રણનીતિ અપનાવી છે.

શહેર-જિલ્લામાં ત્રણ દિવસનો ઘટાડો અને ત્રણ દિવસ કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. તેથી તંત્રની ચિંતા વધી છે. લોકલ ટ્રાન્સમિશનથી કેસો વધી રહ્યા છે. તંત્રએ સૌને સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા અને કોરોના ગાઈડલાઈનના પાલન માટે અપીલ પણ કરી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૨૧ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બે પરિવારોનો સમાવેશ થાય છે. સે. ૧૨નું એક પરિવારના ૪ સભ્યો સાથે કચ્છ-માંડવી ગયુ હતુ તે સંક્રમિત થયુ છે. આ ઉપરાંત સે. ૨૬નું એક દંપત્તિ સંક્રમિત થયુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦ મહિલા દર્દી, ૩ દર્દી ૬૦થી વધુ વયના છે. આજે નોંધાયેલા દર્દીઓમાં સે. ૧૨ના પરિવાર સિવાયના તમામ કેસ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે સે. ૧૨માં ૪, સે. ૫, ૨૧, ૨૬, ૩૦ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૪, ૬, ૭, ૧૩, ૧૯, જીઈબી, ખોરજ અને પાલજમાંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસો સાથે શહેરમાં ૧૬૦ જેટલા દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૩૦ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના સંક્રમણે ગતિ પકડી છે તો સ્વાઈન ફ્લુએ પણ દેખા દીધી છે. અને વાહકજન્ય રોગચાળાના કેસો પણ વધી રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૪ મહિલા દર્દી, ૧૦ વિદ્યાર્થી, ૭ દર્દી ૧૫ થી ઓછી વય ધરાવતા અને ૨ દર્દી ૬૦થી વધુ વયના છે. ગ્રામ્ય વિસ્તારમાં માણસાના સોજા ગામે ૫૦ વર્ષીય આધેડનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા પછી સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૭, ગાંધીનગરમાં ૯, કલોલમાં ૮ અને માણસામાં ૬ કેસ નોંધાયા છે.

દહેગામ અને માણસામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. દહેગામ તાલુકામાં અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે પણ તંત્રની ચિંતા વધારી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

# કોર્પોરેશનના ઢોર ડબ્બામાં પુરાયેલા પશુઓને ગંદકીથી ગુંગળામણ પશુપ્રેમીઓમાં આક્રોશ

### રખડતા ઢોરને પકડી કિચ્ચડ અને ગંદકી વચ્ચે રામભરોસે છોડી દેવાતા રોગચાળાનો ખતરો





ગાંધીનગરતા ૧૪

ગાંધીનગરમાં વરસાદી દિવસોમાં સેકટરોમાં ઠેર ઠેર ગંદકીના થર જામ્યા છે. જયારે સેકટરોને સ્વચ્છ રાખવાની સુફિયાણી વાતો કરતા કોર્પોરેશનના સે-૩૦ સ્થિત ઢોર ડબ્બામાં રખડતા ઢોરને ગંદકીના ઢગ વચ્ચે કેદ કરી દેવાયા છે. કાદવ કિચ્ચડ અને ગારાની ગંદકી વચ્ચે પીવાના પાણીમાં પણ લીલના થર જામી ગયા છે. રોગચાળાની દહેશત વચ્ચે મુંગા પશુઓ ગુંગળામણ અનુભવી રહ્યા છે. કોર્પોરેશનના બેરહેમ તંત્રએ મુંગા ઢોરને ગંદકીથી ખદબદતા પાંજરામાં કેદ કરીને માનવતા વિહોણો અભિગમ અપનાવ્યો હોવાનો રોષ પણ આમ નાગરિકોમાં પ્રબળ બન્યો છે.

શહેરમાં વરસાદી દિવસોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીના ઢગ જોવા મળે છે સેકટરવાસીઓ ગંદકીની સમસ્યાથી તોબા પોકારી ગયા છે. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ પણ વધ્યો છે. ત્યારે ગાંધીનગર કોર્પોરેશન સંચાલિત સે-૩૦ સ્થિત ઢોર ડબ્બામાં અસહ્ય ગંદકી ખદબદી રહી છે. કાદવ કિચ્ચડ અને ગંદકીના ઢગ વચ્ચે ગાયોને રઝળથી મુકી દેવામાં આવી છે. ઢોર ડબ્બામાં ગાયો માટે પીવાનુ ચોખ્ખુ પાણી પણ નસીબ થતુ નથી. કાદવ કિચ્ચડ અને લીલ વચ્ચે ઢોર ડબ્બો શહેરમાં ગંદકીનુ કેન્દ્ર સ્થાન બની ગયો છે. ગારામાં ગુંગળામણ અનુભવતા ઢોર આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે રોગચાળાનો શિકાર બને તેવી દહેશત પણ પ્રબળ બની છે. કોર્પોરેશન દ્વારા રખડતા ઢોર પકડવાની ઝુંબેશ દરમિયાન જવાબદાર પશુમાલિકો પાસેથી તગડો દંડ વસુવામાં આવે છે. પરંતુ દંડ વસુલીના અંતે ઢોર ડબ્બામાં લઈ જવાતા આ ઢોરની જાળવણી માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી જેના લીધે ગંદકીના ઢગ વચ્ચે ગાયો તેમજ અન્ય પશુઓને રામભરોસે છોડી દેવાયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. એકબાજુ પશુઓમાં લમ્પી વાયરસના રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. ત્યારે આ ઢોર ડબ્બામાં પણ આ રોગના લક્ષણો હોય તેવી ગાયો હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં ઢોર ડબ્બામાં પણ ગંદકીનુ સામ્રાજય છે. ત્યારે રોગચાળા માટે પણ સાનુકુળ સ્થિતિ હોવાનો આક્રોશ પશુપ્રેમીઓ વ્યકત કરી રહ્યા છે. શહેરના સેકટરોમાં રખડતા ઢોરની હાલત જેટલી ખરાબ નથી હોતી તેટલી કોર્પોરેશનના આ ઢોર ડબ્બામાં હોવાનુ સ્પષ્ટ થયુ છે. જેના લીધે જીવદયા પ્રેમીઓમાં પણ પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે.

કોર્પોરેશન કક્ષાએથી આ ઠેકાણે સફાઈ પણ કરવામાં આવતી નથી. જેના લીધે વરસાદી દિવસોમાં મુંગા ઢોરની હાલત વધુ દયાજનક બની છે. એટલ જ નહીં પરંતુ તેમના જીવ સામે પણ જોખમ મંડરાયુ છે. શહેરમાં રખડતા ઢોરને પાંજરામાં કેદ કરીને સંતોષ માનતા કોર્પોરેશને માનવતા નેવે મુકી દીધી હોવાનો રોષ પણ પશુપ્રેમીઓ ઠાલવી રહ્યા છે. આ ઠેકાણે ત્વરિત સફાઈ કરી ઢોર ડબ્બા આશ્રિત પશુઓની દરકાર લેવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# સાતમ આઠમના તહેવારોમાં એસ ટી ધાર્મિક સ્થાનોના રૂટમાં વધારાની બસો દોડાવશે

### સોમનાથ, દ્વારકા, ડાકોર, અંબાજી સહીતના રૂટમાં ટ્રાફિક મુજબ વધુ બસો દોડાવાનુ આયોજન

ગાંધીનગર તા ૧૪

પવિત્ર શ્રાવણ માસમાં ધાર્મિક સ્થળોએ જવા માટે ભાવિકોની વિશેષ ભીડ જોવા મળે છે. શહેરના એસ ટી બસ ડેપોમાં પણ રજાના દિવસોમાં ટ્રાફિક વધુ રહે છે. તેમાં પણ તહેવારના દિવસોમાં એસ ટી ડેપો કક્ષાએથી ટ્રાફિકને પહોંચી વળવા માટે વધારાની બસ સેવા પણ દોડાવામાં આવે છે. શ્રાવણ મહીનામાં શિવમંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ ઉમટે છે. જો કે ગાંધીનગરમાં કોર્પોરેશન દ્વારા પણ શહેર તેમજ આસપાસના ધાર્મિક સ્થાનોએ જવા માટે વિશેષ બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેના આધારે ભાવિકો આસપાસના ધાર્મિક સ્થાનોએ દર્શનાર્થે જવા માટે પણ વિશેષ ઉત્સાહી જોવા મળે છે. આ બસ સેવાને નાગરિકોનો સારો પ્રતિસાદ મળ્યો છે. જયારે એસ ટી ડેપો કક્ષાએથી પણ દરવર્ષે શ્રાવણ મહીનામાં ખાસ કરીને સાતમ આઠમના તહેવારોને અનુલક્ષીને વધારાની બસો દોડાવામાં આવે છે. ડેપોના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર તહેવારોના દિવસોમાં રાજયના વિવિધ ધાર્મિક સ્થળોએ જતા ભાવિકોને સમયસર યોગ્ય બસ સેવા મળી રહે તે માટે આવતીકાલથી નોમ સુધી વધારાની બસો દોડવાશે જેમાં સોમનાથ, ડાકોર, દ્વારકા અંબાજી, સહીત ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ સ્થાનોને અનુલક્ષી વધારાની બસો દોડવાશે ટ્રાફિકને ધ્યાને લઈ વધારાની બસ સેવા રૂટમાં ગોઠવાશે ગત વર્ષે પણ વધારાની બસ સેવાનુ આયોજન કરાયુ હતુ. એસ ટી ડેપોને વર્ષ દરમિયાન લગ્નસરાની સિઝન ઉપરાંત વારે તહેવારે વધારાની બસોના આયોજન થકી તગડી આવક પણ મળે છે. ગાંધીનગર એસ ટી ડેપોમા છેલ્લા કેટલાક સમયથી શહેરી બસ સેવામાં પણ ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. ત્યારે ગાંધીનગર અમદાવાદ વચ્ચેની બસ સેવાને અનુલક્ષીને પણ વધુ રૂટોમાં બસો દોડવાય તેવી માંગણી સ્થાનિકો કરી રહ્યા છે. જો કે તહેવારોના દિવસોમાં ડેપો કક્ષાએથી નાગરિકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વધારાની બસનો રૂટ ગોઠવવામા આવે છે. જે મુજબ આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યુ છે.